# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-03-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર રૂપલ જાની વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કૃષિ અને ગ્રામીણ સમૃદ્ધિ પર બજેટ પછીના એક દિવસીય વેબિનારને વર્ચ્યુઅલી સંબોધિત કરશે.

2) કેન્દ્ર સરકારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ખરીફ ઋતુ દરમિયાન ઘઉં અને ડાંગરની ખરીદી મહત્તમ કરવા અનુરોધ કર્યો.

3) રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ વિજ્ઞાન અને ટેકનોલોજીના માધ્યમથી ઝડપી અને સુલભ ન્યાય પ્રક્રિયા કાર્યરત કરવા વિદ્યાર્થીઓને આહવાન કર્યું.

4) ચાલુ નાણાકીય વર્ષના ત્રિમાસિક ગાળામાં 6.2 ટકાના GDP વૃદ્ધિ દર સાથે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા.

5) ICC ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટમાં, કરાચીમાં ગ્રુપ Bની છેલ્લી મેચમાં દક્ષિણ આફ્રિકાનો મુકાબલો ઇંગ્લેન્ડ સામે થશે.

.........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MORN.-PM-AGRICULTURE-WEBINAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બપોરે નવી દિલ્હીમાં કૃષિ અને ગ્રામીણ સમૃદ્ધિ પર બજેટ પછીના એક દિવસીય વેબિનારને વર્ચ્યુઅલી સંબોધિત કરશે.

આ કાર્યક્રમમાં તમામ કેન્દ્રીય મંત્રીઓ જોડાશે. આ વેબિનારનો ઉદ્દેશ્ય હિતધારકોને કેન્દ્રિત ચર્ચામાં અને 2025 ના બજેટ જાહેરાતોના અસરકારક અમલીકરણની વ્યૂહરચના બનાવવાનો છે. તે કૃષિ વિકાસ અને ગ્રામીણ સમૃદ્ધિ પર ધ્યાન કેન્દ્રિત કરશે, બજેટમાં દર્શાવેલ દ્રષ્ટિકોણને સાકાર કરવા માટે સહયોગી અભિગમ સુનિશ્ચિત કરશે.

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ પણ આ કાર્યક્રમ દરમિયાન પોતાના વિચારો રજૂ કરશે. આ વેબિનારનો ધ્યેય સંવાદને સરળ બનાવવા, આંતરદૃષ્ટિ એકત્રિત કરવાનો અને નિર્ધારિત લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે સમયસર અને સંકલિત પગલાં સુનિશ્ચિત કરવાનો છે. તેનો ઉદ્દેશ્ય ખાનગી ક્ષેત્રના નિષ્ણાતો, ઉદ્યોગ પ્રતિનિધિઓ અને વિષય નિષ્ણાતો સહિત મુખ્ય હિતધારકોને જાણ કરવાનો પણ છે, જેમાં 2025 ના 'કૃષિ અને ગ્રામીણ સમૃદ્ધિ' માટેના બજેટના અસરકારક અમલીકરણને આગળ ધપાવવાનો છે.

# CENTRE-WHEAT

કેન્દ્ર સરકારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આગામી ખરીફ ઋતુ દરમિયાન ઘઉં અને ડાંગરની ખરીદી મહત્તમ કરવા માટે સક્રિય અભિગમ અપનાવવા વિનંતી કરી છે.

ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના સચિવની અધ્યક્ષતામાં અનેક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ખાદ્ય સચિવો સાથે મળેલી બેઠક દરમિયાન આ અંગે ચર્ચા કરવામાં આવી હતી. હવામાન આગાહી, ઉત્પાદન અંદાજ અને ખરીદી કામગીરી માટે રાજ્યોની તૈયારી જેવા ખરીદીને અસર કરતા વિવિધ પરિબળોની બેઠક દરમિયાન સમીક્ષા કરવામાં આવી હતી.

ચર્ચા-વિચારણા પછી, આગામી રવિ સિઝન 2025-26 દરમિયાન ઘઉંની ખરીદીનો અંદાજ 310 લાખ મેટ્રિક ટન નક્કી કરવામાં આવ્યો છે. તેવી જ રીતે, ખરીફ ઋતુ 2024-25 દરમિયાન ડાંગરની ખરીદીનો અંદાજ 70 લાખ મેટ્રિક ટન નક્કી કરવામાં આવ્યો છે.

# PRESIDENT KUTCH VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ ન્યાય આધારિત વિકસિત ભારતને આકાર આપવામાં ન્યાય સહાયક વિજ્ઞાનની ભૂમિકા પર ભાર મુક્યો છે. ગઈકાલે ગુજરાતનાં ગાંધીનગર ખાતે NFSUના પદવીદાન સમારોહને સંબોધતા તેમણે ગુનાઓના બદલાતા સ્વરૂપને ધ્યાને રાખી સમસસર ન્યાય અપાવવામાં ન્યાય સહાયક વિજ્ઞાનના વધતા મહત્વ પર ભાર મૂક્યો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ વિજ્ઞાન અને ટેકનોલોજીના માધ્યમથી ઝડપી અને સુલભ ન્યાય પ્રક્રિયા કાર્યરત કરવા વિદ્યાર્થીઓને આહવાન કર્યું.

બાદમાં રાષ્ટ્રપતિએ કચ્છની પરંપરાગત કલા અને કસબ સાથે જોડાયેલા કારીગરો સાથે ધોરડો ખાતે સંવાદ સાધ્યો હતો. તેમણે કહ્યું કે, પરંપરાગત કળાને જીવંત રાખવા માટે નવી પેઢી આ કળામાં જોડાય તે જરૂરી છે.

# GDP

ચાલુ નાણાકીય વર્ષના ત્રિમાસિક ગાળામાં 6.2 ટકાના GDP વૃદ્ધિ દર સાથે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા છે.

જ્યારે પાછલા ત્રિમાસિક ગાળામાં GDP 5.6 ટકા નોંધાયો હતો. આ રીતે, ભારતે વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા તરીકેનો પોતાનો ખિતાબ જાળવી રાખ્યો છે. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા પ્રથમ સુધારેલા અંદાજ મુજબ, નાણાકીય વર્ષ 2024-25માં વાસ્તવિક GDP દર 6.5 ટકા વધવાનો અંદાજ છે.

## (BYTE-FINAL-MUKESH)

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . .

# PM-MODI-ON-SUFI-EVENTS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, કોઈપણ દેશની સંસ્કૃતિ અને સભ્યતા તેના ગીતો અને સંગીત દ્વારા સમૃદ્ધ બને છે. નવી દિલ્હીમાં સુંદર નર્સરી ખાતે જહાન-એ-ખુસરૌ સુફી સંગીત મહોત્સવમાં હાજરી આપતા પ્રધાનમંત્રીએ આ વાત પર ભાર મૂક્યો હતો. ભવ્ય સૂફી સંગીત મહોત્સવ આ વર્ષે તેની 25મી વર્ષગાંઠ ઉજવી રહ્યો છે. તે આવતા મહિનાની બીજી તારીખ સુધી યોજાશે. આ મહોત્સવમાં અમીર ખુસરૌના વારસાની ઉજવણી માટે વિશ્વભરના કલાકારોને એકઠા કરવામાં આવ્યા છે.

પ્રધાનમંત્રીએ આવનાર રમઝાન નિમિત્તે સમગ્ર રાષ્ટ્રને શુભેચ્છાઓ પણ પાઠવી.

## (BYTE-PM-MODI)

# MORN.-PM-NXT-CONCLAVE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે NXT કોન્ક્લેવમાં હાજરી આપશે. કાર્યક્રમ દરમિયાન, ચેનલ ન્યૂઝએક્સ વર્લ્ડ પણ લોન્ચ કરવામાં આવશે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ આ કોન્ક્લેવ માટે વિવિધ ક્ષેત્રના લોકોને એકસાથે લાવવા બદલ ITV નેટવર્ક અને ફાઉન્ડેશનની પ્રશંસા કરી. તેમણે વધુમાં આશા વ્યક્ત કરી કે, આ કોન્ક્લેવ ચોક્કસપણે ફળદાયી ચર્ચા-વિચારણા દ્વારા વર્ગીકૃત થશે.

# MORN.-VP--MUMBAI

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર આજે મહારાષ્ટ્રમાં મુંબઈની મુલાકાત લેશે. મુલાકાત દરમિયાન, ઉપરાષ્ટ્રપતિ મુંબઈમાં કે.પી.બી. હિન્દુજા કોલેજ ઓફ કોમર્સના વાર્ષિક દિવસ સમારોહમાં હાજરી આપશે.

# TRUMP---ZELENSKY

વોશિંગ્ટનમાં રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને રાષ્ટ્રપતિ વ્લાદિમીર ઝેલેન્સકી વચ્ચે થયેલી ઉગ્ર ચર્ચા બાદ દુર્લભ પૃથ્વી ખનિજો પરના કરાર પર હસ્તાક્ષર કરવા માટે અમેરિકા અને યુક્રેન વચ્ચેની વાતચીત પડી ભાંગી છે.

રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે પત્રકારોને કહ્યું કે, રાષ્ટ્રપતિ ઝેલેન્સકી રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન પ્રત્યે એક પ્રકારની નફરત રાખે છે, જેના કારણે તેમના માટે સોદો મેળવવો મુશ્કેલ બને છે. જ્યારે ઝેલેન્સકીએ રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પને કહ્યું કે, યુદ્ધના ઉકેલ માટે વાટાઘાટોમાં રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે કોઈ સમાધાન ન થવું જોઈએ.

બેઠક દરમિયાન, ટ્રમ્પે ઝેલેન્સકી પર લાખો લોકોના જીવ જોખમમાં મૂકવાનો આરોપ લગાવ્યો અને ચેતવણી આપી કે, તેમના કાર્યો ત્રીજા વિશ્વયુદ્ધ તરફ દોરી શકે છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, ઝેલેન્સકીએ અમેરિકાના રાષ્ટ્રપતિ, કોંગ્રેસ અને અમેરિકન લોકોનો યુક્રેનને સમર્થન આપવા બદલ આભાર માન્યો. તેમણે કહ્યું, યુક્રેનને ન્યાયી અને સ્થાયી શાંતિની જરૂર છે, અને તેઓ તેના માટે બરાબર કામ કરી રહ્યા છે. બેઠક પછી, એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું કે, રાષ્ટ્રપતિ ઝેલેન્સકી જ્યારે શાંતિ માટે તૈયાર હશે ત્યારે વ્હાઇટ હાઉસ પાછા આવી શકે છે.

# ICC-CHAMPIONS-TROPHY-CRICKET

ICC ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટમાં, કરાચીમાં ગ્રુપ Bની છેલ્લી મેચમાં દક્ષિણ આફ્રિકાનો મુકાબલો ઇંગ્લેન્ડ સામે થશે.

પાકિસ્તાનના લાહોરમાં અફઘાનિસ્તાન સામેની તેમની મહત્વપૂર્ણ ગ્રુપ B મેચ વરસાદને કારણે રદ થયા બાદ ઓસ્ટ્રેલિયા સેમિફાઇનલમાં પ્રવેશ કરી ચૂક્યું છે. 274 રનના લક્ષ્યાંકનો પીછો કરતા, ઓસ્ટ્રેલિયા 12.5 ઓવરમાં 1 વિકેટે 109 રન બનાવી ચૂક્યું હતું, જ્યારે મુશળધાર વરસાદને કારણે મેચ રોકાઈ ગઈ. બંને ટીમોએ એક-એક પોઈન્ટ મેળવ્યો. ઓસ્ટ્રેલિયા હવે ભારત અને ન્યુઝીલેન્ડ સાથે જોડાશે, જેમણે ગ્રુપ A માંથી સેમિફાઇનલમાં પોતાનું સ્થાન પહેલાથી જ સુરક્ષિત કરી લીધું છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નીકીતા શાહ

- શેરબજારમાં કડાકાના સમાચારને તમામ અખબારોએ મુખ્ય શિર્ષક બનાવ્યું છે.
- ગુજરાત સમાચાર લખે છે – પાંચ દિવસમાં રૂપિયા 21 લાખ કરોડ ધોવાયા – રોકાણકારો રાતા પાણીએ રોયા
- દિવ્ય ભાસ્કરનું શીર્ષક છે – નિફ્ટીમાં ઈતિહાસનો બીજો મોટો ઘટાડો
- નવગુજરાત સમય લખે છે – શેરબજારમાં 5 મહિનામાં 93 લાખ કરોડ રૂપિયા ધોવાયા
- ઉતરાખંડના ચમોલીમાં થયેલી હિમસ્ખલન ઘટનાના સમાચારને પણ તમામ અખબારોએ પહેલા પાને સ્થાન આપ્યું છે.
- દિવ્ય ભાસ્કર લખે છે – ઉતરાખંડમાં હિમસ્ખલન – નિદ્રાધીન 57 શ્રમિકો દબાયા – 32નો બચાવ
- ગુજરાત સમાચાર લખે છે – ઉતરાખંડ ગ્લેશિયર તૂટતાં બરફ નીચે દટાયેલા 32ને બચાવાયા- 25 લાપતા
- નવગુજરાત સમયે અન્ય હેડ લાઈનમાં – ટ્રમ્પ – ઝેલેન્સીકીની મંત્રણા નિષ્ફળ – યુક્રેન – રશિયા યુદ્ધ લાંબુ થઈ શકે. તો ગુજરાત સમાચારે રમઝાન પૂર્વે પાકિસ્તાનની મસ્જિદમાં વિસ્ફોટ – તાલિબાનના જનકના પુત્ર સહિત 6નાં મોતને સ્થાન આપ્યું છે.
- સ્થાનિક સમાચારોમાં તમામ અખબારોને પંકજ ત્રિવેદી હત્યા કેસમાં 10 આરોપીને આજીવન કેદના સમાચારને સ્થાન આપ્યું છે.
- સંદેશની અન્ય હેડલાઇન છે પંચાયતીરાજ એક વર્ષમાં પાવડો કોદાળી પકડીને મંજૂરી વગર રૂપિયા ૩૪૦૪ કરોડ વાપર્યા.